

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ગોઠવી મૂલાકાત, હીરાલાલ ઘોઘે જઈ આવ્યા*
*પટપટાવી પૂંછ, ને ખોટી ભાટાઈ કરી આવ્યા !*
*કરી આવ્યા મિજબાની, શિયાળ - બગલાની જેમ -*
*હાથ ઘસીને, ખાલી - ખોટા ઓડકાર ખાઈ આવ્યા !*
*(વડાપ્રધાનશ્રીની 'સફળ' ચીન મુલાકાત)*

### હાઈકુ

*દોડે સેવકો -*
*બોર્ડ - નિગમ - ગાજરે,*
*લોથ ને પોથ...*
*(બને બિચાર 'બાબુ')*

*લ્યો ! 'સુપ્રીમ'માં*
*લોકશાહી ગુલામ -*
*કરે, હાજી... હા...*
*('દીપક' તળે અંધારૂં)*

### ચિંતન

*સંકલ્પાદેવ તુ તચ્છતે: ।*

**ઉપરોક્ત તૈતરિય ઉપનીષદમાંથી લેવામાં આવેલ છે.**

**ભોગોની પ્રાપ્તિ તો સંકલ્પથી જ થાય છે.**

**જે ઉપાસકો અથવા મહાપુરુષો બ્રહ્મલોકમાં જાય છે. તે ત્યાંના ભોગોની પ્રાપ્તિ કેવળ સંકલ્પ દ્વારા કરી લે છે. તેમનો સંકલ્પ દ્વારા કરી લે છે. તેમનો સંકલ્પ એટલો બધો શુદ્ધ અને શક્તિશાળી હોય છે કે તે સત્વર સફળ થાય છે.**

**છાંદોગ્ય ઉપનિષદમાં એમાં સમર્થનમાં જણાવ્યું છે કે, 'આ આત્મા મનરુપી અલૌકિક આંખની મદદથી બ્રહ્મલોકના સઘળા ભોગોને જુએ છે, અનુભવે છે, અને આનંદ કરે છે.'**

**જે અજ્ઞાની અને અવિવેકી લોકો છે તે બધાં ભૌતિક સુખો 'શરીર' દ્વારા ભોગવી અંતે દુ:ખી થાય છે. મનથી, માનસિક રીતે ભોગોનો વિચાર કરી તેને મન દ્વારા જ ભોગવી તેના પરિણામો વિચારી માત્ર 'સંકલ્પ' જ સુખ ભોગવી લે છે અને તૃપ્તિનો અનુભવ કરે છે.**

### સુવિચાર

- બધા જ દુ:ખ દૂર કરવાનું બળ તમારા હૃદયમાં જ વાસ કરે છે, એવી શ્રદ્ધા હશે તો એ બળ જાગૃત થશે - **બોધિવૃક્ષ**
- કોઈને મદદરુપ થવાનો પ્રયાસ કરશો તો કોઈની જિંદગીમાં તમે દેવદૂત છો - **અમૃતબિંદુ**
- ઉપનિષદો ભેદીનાદથી કહે છે કે તમારા પગ પર ઊભા થાઓ, દુર્બળતા ને દૂર ફેંકી દો. સ્વતંત્ર બનો - **અખંડ આનંદ**
- અનંત ધૈર્ય, પવિત્રતા અને ખંત એ જ કોઈ પણ શુભ કાર્યમાં સફળતા પ્રાપ્ત કરવાનું રહસ્ય છે - **સુરેશ દલાલ**
- કાર્યની સિદ્ધિના વિલંક કે અવિલંબનો આધાર તે કાર્ય માટેનાં ખંત અને ત્યાગની મર્યાદા પર રહેલો છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ઈશ્વરના અંશ હોવાથી કોઈને ખરાબ કહીએ છીએ ત્યારે આપણે ઈશ્વરનું અપમાન કરીએ છીએ - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ : પાકા અનાનસને સમારી તેની ઉપર સિંધવ મીઠું ભભરાવી ખાવાથી અજીર્ણની તકલીફ દૂર થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક દિવસ રમણ મહર્ષિ પાસે કેટલાક શિષ્યો આવ્યા અને કહ્યું, 'આપ એક મહાનવિભૂતિ છો.' આધ્યાત્મિક ક્ષેત્રે આપનું પ્રદાન અતિ મૂલ્યવાન અને ચિરસ્મરણીય છે... આથી અમે આપની જન્મજયંતિ ઉજવવા માંગીએ છીએ અમને અનુભૂતિ આપો.' મહર્ષિએ કહ્યું, 'અરે ભાઈઓ, વાસ્તવમાં જન્મદિવસ એ આનંદનો વિષય નથી. કેમ કે મોંઘા માનવજીવનમાં એક વર્ષ ઓછું થયાનો નિર્દેશ આપે છે. અને મહાન વિભૂતિ તો તેને કહી શકાય કે જે સંતપુરુષ અધ્યાત્મજીવનની પરમ સીમા પ્રાપ્ત કરીને જીવનમુક્ત દશામાં હોય, હું જે કાંઈ છું અને જે કાંઈ હું કરું છું તે પરમ કક્ષાએ પહોંચવાના મારા પ્રયોગો અને પ્રયાસો માત્ર છે. મને નથી સમજાતું કે અનિત્ય, ક્ષણભંગુર, વિનાશી અને જડ દેહની જન્મદિવસની ઉજવણી શા માટે ? અને ચૈતન્ય સ્વરુપી અવિનાશી આત્માની જન્મજયંતિ કે પુણ્યતિથિ બંને સરખા છે. કારણ આત્મા શ્રાશ્વત છે એને નથી જનમ કે મૃત્યું !!'

શિષ્યાએ મહર્ષિની વાત સાંભળી જન્મદિવસની ઉજવણી મોકુફ રાખી.

# ધર્મ પરિવર્તન : પુણ્યપ્રકોપની સાત્ત્વિક અભિવ્યક્તિ

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાતનાં વિવિધ સ્થળોએ બનેલ દલિત સમાજ ઉપરના અત્યાચારની ઘટનાઓ માનવજાત માટે કાળી ટીલી સમાન છે. મહાત્મા ગાંધીને નાતજાત અને ઊંચ નીચના ભેદભાવ ડામવાની બાબતને આઝાદી કરતાં પણ અગ્રતાક્રમે મૂકી હતી. ડૉ. બાબાસાહેબ આંબેડકરે આખું જીવન દલિત સમસ્યાનો ઉકેલ શોધવા હોમી દીધું. પોતે વેઠવાં પડે એ આટે એમણે આજીવન સંઘર્ષ ચલાવી દલિત ભાંડુઓને ત્રિવેદી સૂત્ર આપ્યું : શિક્ષિત બનો, સંગઠિત બનો, સંઘર્ષ કરો. એમણે પોતે અનેકવિધ ઝંઝાવાતો સહન કર્યા હતા. એથી વ્યથિત થઈ આખરે એમણે જે ધર્મ માણસ માણસ વચ્ચે ભેદભાવ રાખતો હોય તેને છોડી દેવાનો નિર્ણય કર્યો હતો. પોતે હિંદુ તરીકે જન્મ્યા એ એમની નિયતિ હતી પરંતુ જીવનના અંતિમ તબક્કે એમણે દાખલો બેસાડ્યો અને રૂઢિચુસ્ત વર્ણવ્યવસ્થામાં શ્રદ્ધા ધરાવનારા હિંદુઓને ધર્મપરિવર્તન કરી એક આંચકો આપ્યો હતો. બૌદ્ધ ધર્મ અંગીકાર કરવા પાછળ પણ એમની ઊંડી સમજણ હતી. તેઓ આસાનીથી ખ્રિસ્તી કે મુસલમાન થઈ શક્યા હોત. આ બેઉ ધર્મો વિશે એમનો ઊંડો અભ્યાસ પણ હતો. પરંતુ તેઓ પૂરા ભારતીય હતા. ભારતીય હોવાનું એમને આત્મગૌરવ પણ હતું. એ આત્મ સન્માનને અળગું ન કરવું હોય તો પોતે આ ભૂમિમાંથી જ પ્રગટેલી અને પાંગરેલી આધ્યાત્મિક વિચારધારા અંગીકાર કરવામાં ઔચિત્ય વરતાયું. ભગવાન બુદ્ધે માનવીના દુ:ખનો ઈલાજ શોધવા વૈભવી રાજવી જિંદગી છોડી હતી. આંબેડકરે સામૂહિક ધર્મપરિવર્તન કરીને એમના સમકાલીન હિંદુ નેતાઓને જબરદસ્ત આંચકો આપ્યો હતો. એ વખતના સૌથી પ્રખર રાષ્ટ્રનાયક મહાત્મા ગાંધી સાથે પૂના કરાર કરી દલિલ સમાજને ન્યાય અપાવવાના એમના પ્રયાસો પછી તેઓ દુનિયાભરમાં મહાન લોકનેતા તરીકે પ્રસ્થાપિત થયા હતા.

બાબા સાહેબનું ધર્મ પરિવર્તનનું પગલું એ ત્રાગું નહોતું પરંતુ સાત્ત્વિક પુણ્યપ્રકોપ હતો. જેમ મહાત્મા ગાંધીના સત્યાગ્રહનો આજકાલ વિવિધ સ્તરે વ્યાપક દુરુપયોગ થઈ રહ્યો છે અને વાત વાતમાં લોકો 'ગાંધી ચિંધ્યા' માર્ગે ધરણાં કે ઉપવાસ પર બેસી જાય છે, એમ બાબાસાહેબના પગલે ધર્મપરિવર્તનની પણ ધમકીઓ આપવાની એક ફેશન થઈ ગઈ છે. સરકારને એથી ઝાઝો ફરક નથી પડતો. પરંતુ 'હિંદુ રાષ્ટ્ર'ના નારા લગાવનારા વર્તમાન શાસક પક્ષને પોતાના જ ઘરમાં હિંદુ ધર્મ સાથે છેડો ફાડતા દલિતોને જોઈ એટલું તો જરૂર સમજાતું હશે કે જો આઝાદીના સાત દાયકાઓ પછી પણ આ સર્વહારા સમાજને મુખ્ય પ્રવાહથી અલગ જ રાખવામાં આવશે, એમને સેકંડ રેટ સિટીઝન જેવો જ વહેવાર કરાશે અને વાત વાતમાં નાના મોટા મુદ્દે અપમાનિત કરવામાં આવશે તો કયારેક એવો મોટો વિસ્ફોટ થશે કે દેશના દસ-વીસ ટકા અનુસૂચિત જાતિ - જનજાતિના લોકો હિંદુ ધર્મથી પોતાની અલગ ઓળખ પ્રસ્થાપિત કરતાં અચકાશે નહીં. ભારતીય રાષ્ટ્રવાદનાં ગાણાં ગાતા વર્તમાન શાસકો માટે આવી ઘટનાઓ ભલે પ્રતીકાત્મક વિરોધ તરીકે સાકાર થતી હોય પરંતુ આંખ ઉઘાડનારી ગણાવી જોઈએ.

# રામભરોસે - તે બરાબર આપણી સમકક્ષ સંબંધી શોધી કાઢ્યો છે



## નવાં કલેવર

નટવર હેડાઉ

સમગ્ર રાજયનાં વર્ચસ્વ ધરાવતા એક નેતાને ઘેર ખુબ અગત્યની મીટીંગ મળી હતી. ચૂંટણીમાં તો નેતાજી જીતી ગયા હતા. સારું પદ પણ મળી ગયું હતું. તો પછી આ મીટીંગ શા માટે ? પ્રશ્ન કાર્યકરોને સતાવી રહ્યો હતો. અંદરોઅંદર ચર્ચા થતી હતી.

થોડીવારમાં નેતાજીના ઘર સામે ગાડીઓ એક પછી એક આવવા લાગી. તાલુકા, જિલ્લા અને શહેર કક્ષાના અનેક નેતાઓ અને કાર્યકરો મોટા પ્રમાણમાં આવ્યા હતા. કેટલાક ચમચાઓ નેતાજીને ઘેરી વળ્યા હતા.

બધા આવી પોતપોતાના સ્થાને ગોઠવાઈ જતાં નેતાજીએ ચોખવટ કરી.

મિત્રો, મારી દીકરી યોગિતા યુવાન થઈ ગઈ છે, દરેક પિતાની જેમ મને પણ તેના લગ્નની ચિંતા છે.' એમ કહેતાં નેતાજીને તેમના ચમચાઓની તરફ જોયું અને કહ્યું, 'તમારે સૌએ મને સાથ અને સહકાર આપવાોન છે. સૌનો સાથ સૌનો વિકાસ. તમે મને કોઈ અમીર, ઈજ્જતદાર અને ખાનદાન ઘર અને વર શોધઈ આપવાના છો.'

એક મહિના બાદ નેતાજીનો દરબાર ફરી ભરાયો. સૌએ પોતપોતાની રીતે પ્રસ્તાવ રજૂ કર્યો. છોકરાના બાયોડેટા અને કુટુંબની વિગતો આપી. નાણાંકીય હેસિયત, સમાજમાં આબરૂ અને ઉચ્ચ ખાનદાન ઘરનાં ઉચ્ચ અભ્યાસ ધરાવતા અને વિદેશ વસતા ફૂટડા યુવાનોની વિગતો રજૂ કરી. જો કે નેતાજીને તેમની એક પણ વાતમાં રસ પડ્યો નહીં. સૌ વિચારમાં પડ્યા હતા. નેતાજીને કેવો જમાઈ જોઈએ છીએ.

છેવટે રામભરોસે ઊભો થયો. તે બોલ્યો. 'નેતાજી, મેં બિલકુલ એવું જ ઘર અને વર શોધી કાઢ્યો છે. જેવો તમે કહેતા હતા. મેં યોગિતા દીકરી માટે શેઠ ભવાનીપ્રસાદ સિંહના રાજકુમાર યુવરાજસિંહ માટે વાત ચલાવી છે. મને તો એ બિલકુલ યોગ્ય લાગે છે.'

નેતાજીએ પૂછ્યું, 'શું તે અમીર છે ? તેની કઈ સાબિતી ?

રામભરોસે કહ્યું, 'જી હજુર, તે અમીર તો છે જ પહેલેથી જ પેઢી દર પેઢી ખુબ પૈસાદાર રઈશ છે.' તેની સાબિતી એ છે કે તેને ઘરે ચાર વખત ઈન્કમટેક્ષની રેડ પડી છે. ઘરનાં બધા સભ્યો શરાબ પીએ છે.

નેતાજીએ કહ્યું, 'રામભરોસે એ તો બરાબર પણ તેઓ આબરુદાર ખરા?'

રામભરોસે, 'જી શ્રીમાન તેઓ ખુબ જ આબરુદાર છે. તે અલગ અલગ મામલાઓમાં ત્રણ વખત જેલ જઈ આવ્યા છે. એટલું જ નહીં પણ શહેરનો કોઈ પણ સમારોહ તેમની હાજરી વગરનો હોતો નથી. અખબારોમાં રોજ તેમના સમાચારો અને ટીવી ચેનલો પર ઈન્ટરવ્યુ આવતા રહે છે.'

નેતાજી ખુશ થઈ ગયા. 'વાહ, રામભરોસે તે બરાબર આપણી સમકક્ષ સંબંધી શોધી કાઢ્યો છે. બસ હવે મને એટલું કહે કે તું તેમને ખાનદાની કઈ રીતે માને છે.

રામભરોસે ખુબ જ આત્મવિશ્વાસ સાથે આજુબાજુ જોઈ પછી બોલ્યો, 'બાપુ એ જન્મજાત ખાનદાન કુટુંબ છે. તેમના દાદાજી અને પિતાજીએ અનેક મર્ડર કરાવ્યા છે. તેમની દીકરી કોઈ વિધર્મ સીથે ભાગી ગયેલી. તેમને તેમની મોટી વહુને દહેજ ઓછું લાવવા માટે બાળી મૂકવાનો પ્રયાસ કર્યો હતો.'

નેતાજી તરત બોલ્યા, 'રામભરોસે તેં તો આજ કમાલ કરી હોં.' બિલકુલ આપણી બરાબરીના સંબંધી તેં શોધી કાઢ્યા. દીકરો પણ બાપ જેવો જ ગુણવાન હશે. તું આ સંબંધીની વાત આગળ ચલાવ.

# દીકરાની જિંદગી માટે મા કંઈ પણ કરી છુટે



## ગુલમહોર

દિનેશ દેસાઈ

દીકરાને મરતો કોઈ મા જોઈ શકે નહિ અને કાળજાના કટકાને બચાવી લેવા મા બધું જ કરી છૂટવા તત્પર જ હોય. નસરીન એવી મા છે કે જેનો વહાલસોયો થેલેસેમિયાથી પીડાઈ રહ્યો છે. એના માટે સમય સમય પર નિયમિતરૂપે રક્તની જરુર પડતી હોય છે. લોહી માટે લોહીનો વેપાર? ઐસા ભી હોતા હૈ.

અઠ્ઠાવીસ વર્ષની નસરીનનું મૂળ નામ દસ વર્ષ પહેલા તો નિમિષા રમાકાન્ત જાધવ હતું. દસ વર્ષ પછી પણ તેની નજાકત અને કશિશમાં કોઈ ફરક પડ્યો નથી. એ જ રૂપ અને એ જ ઠસ્સો. સમયની થપાટોએ તેના યૌવનમાં ક્યાંય તિરાડ પાડી નથી. હા, આ દસ વર્ષોમાં તેની જીવનકથાનાં પાનાં અવશ્ય અસ્તવ્યસ્ત થઈ ગયાં છે.

મે-જૂન મહિનાનો બળબળતો ઉનાળો હતો. અઢાર વર્ષની નિમિષાએ એસ.વાય. બી.એ.ની પરીક્ષા આપી હતી. શહેરના એક પરા વિસ્તારની આર્ટ્સ કૉલેજમાં તે ભણતી હતી. તેના હિલ્લોળા લેતા રૂપના દરિયાની ભરતીની છાલકથી કૉલેજીયન યુવાનો ભીના ભીના અને પાણી પાણી થઈ જતા હતા. હસતી, રમતી, વાચાળ અને હસમુખી નિમિષા સહુમાં પ્રિય હતી. એન.એસ.એસ.નો સેવા શિબિર હોય કે વક્તૃત્વ સ્પર્ધા હોય કે પછી ટૅલેન્ટ ઈવનિંગ યા ફેશન શૉ. નિમિષા દરેક કાર્યક્રમમાં ભાગ લેતી અને ટૉપ રેન્ક મેળવીને જીતી જતી.

> **રોશનીએ મદદ કરવાના આશયથી નસરીનને કહ્યું કે એક બૉડી મસાજ પાર્લરમાં તેને નોકરી મળી શકે એમ છે. સારા રૂપિયા મળશે. નસરીને એક નજર સાહિલ તરફ કરી. તેની જીવવાની અને ભણવાની ધગશ જોઈને નસરીને રોશનીએ કરેલી ઑફર સ્વીકારી લીધી. તેણે મનોમન નક્કી કરી લીધું કે પોતે દીકરાને ખુબ ભણાવશે અને તેનું બૉનમેરૉ ટ્રાન્સપ્લાન્ટ ઑપરેશન પણ કરાવશે.**

કૉલેજના બીજા વર્ષની પરીક્ષા પછી મે વેકેશનમાં નિમિષાએ પોતાના પ્રેમી બાવીસ વર્ષના મકબુલ સૈયદ સાથે નિકાહરસ્મ અદા કરી હતી. એ વેળાએ જ તેણે મુસ્લિમ ધર્મ અંગિકાર કરીને નવું નામ નસરીન ધારણ કર્યું હતું. મેરેજ રજિસ્ટ્રાર કચેરીમાં મેરેજ પણ રજિસ્ટર્ડ કરાવ્યા હતા. ચૅન્જ ઑફ નેમ નોંધણી પણ ગવર્મેન્ટ ગેઝેટમાં કરાવીને નિમિષા રમાકાન્ત જાધવમાંથી નસરીન મકબુલ સૈયદ બની હતી. બેઉના પરિવારમાં હાહાકાર મચી ગયો હતો.

અજબ પ્રેમની ગજબ કહાની હતી. વાર્ષિક પરીક્ષા પહેલા ડિસેમ્બર મહિનામાં કૉલેજનો ટેલેન્ટ ઈવનિંગ પ્રૉગ્રામ યોજાયો હતો. એક ડ્યુએટ સૉન્ગમાં બે-ચાર પંક્તિ માટે નિમિષાને મેલ વૉઈસની યાને મેલ સિન્ગરની જરુર પડી હતી. પ્રૉગ્રામ માટે બોલાવવામાં આવેલી મ્યુઝિકલ પાર્ટીના ઈન્ચાર્જને કહેવામાં આવ્યું હતું અને તેણે પોતાના ગૃપના ગાયક મકબુલ સૈયદને નિમિષાનો સાથ આપવા નિર્દેશ કર્યો હતો. બેઉની આ પહેલવહેલી મુલાકાત. પછી તો એ સૉન્ગ હિટ રહ્યું હતું અને બેઉની મુલાકાતો પણ વધતી ગઈ હતી. બેઉએ હવે જીવનનું ગીત પણ સાથે જ ગાવાનું નક્કી કરી લીધું હતું.

નિમિષા હવે નસરીન બની ગઈ હતી. એના માટે બાપના ઘરના દરવાજા સદાયને માટે બંધ થઈ ગયા હતા. આ તરફ મકબુલ એક દીની-નમાઝી ખાનદાનમાંથી આવતો હોઈને અન્ય કોમની છોકરી સાથેના નિકાહ એના પરિવારે પણ કબૂલ રાખ્યા નહોતા. માનો કે એને પણ ઘરમાંથી કાઢી જ મૂકવામાં આવ્યો હતો. નીચે જમીં અને ઉપર આસમાં. મિયાં-બીવીની જિંદગીમાં હવે ઝઝુમવા સિવાય કશું જ નહોતું. સામા પ્રવાહે ટકી રહેવાનો સંઘર્ષ હતો. રોજી-રોટીનો સવાલ મોટો હતો. શહેરના પરા વિસ્તારમાં ભાડા ઉપર એક ખોલી લીધી હતી. એનું ભાડું પણ ચુકવી શકાતું નહોતું.

ધાર્મિક અને રૂઢિવાદી પરદાનશીન મુસ્લિમ બાનુને છાજે એવી રીતે નસરીન પણ હવે બુરખાનશીન રહેતી હતી. પાડોશીઓ સાથે વાતચીત થતી નહોતી અને સમાજના લોકો સાથે પણ હવે તો કોઈ જ વ્યવહાર રહ્યો નહોતો. આ બધું જ પ્રેમ કાજે નસરીનને મંજુર હતું. શાદીને વરસ થયું ત્યાં તો નસરીન એક છોકરાની મા પણ બની ગઈ. દીકરાનું નામ સાહિલ રાખવામાં આવ્યું. મકબુલ મ્યુઝિકલ પાર્ટીમાં ગાવાનું કામ કરતો હતો. જો કે રોજ તો મ્યુઝિકલ પ્રૉગ્રામ હોય નહિ અને રોજ ગાવાનું કામ મળે નહિ. આથી તે ઈલેક્ટ્રીશ્યન તરીકે છુટક મજુરીકામ કરી લેતો હતો. એમાં વળતર તો નામનું જ મળી રહે. ક્યારેક રાતે પ્રૉગ્રામમાં ગાવા મળી જાય તો થોડા રૂપિયા મળી જતા.

મ્યુઝિકલ પાર્ટી ચલાવતો મહેમૂદ રંગરેજ બેઉના પ્યાર અને નિકાહનો ચશ્મદીદ ગવાહ હતો. બેઉ મિયાં-બીવી સાથે ઘરોબો પણ ખરો. ભાડાની ખોલી તેણે જ અપાવી હતી. ઘરનું રેશન, કેરોસીન પણ નસરીનના કહેવાથી તે જ ભરી આપતો. નસરીનના કહેવાથી જ મહેમૂદે નાનકડી ખોલીમાં એલ.પી.જી. સિલિન્ડર, ગેસ સ્ટવ અને નાનકડા કલર ટી.વી.ની વ્યવસ્થા પણ કરી આપી હતી. મકબુલને મહેમૂદનું આવું બધું અહેસાન ગમતું નહિ પણ નસરીનની ખુશી માટે તે આંખ આડા કાન કરી લેતો. કદાચ જવાબદારીમાંથી છટકવાનો પ્રયાસ?

પાંચ વર્ષના સાહિલને મિશનરી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં મૂક્યો હતો. મહેમૂદે એક વાર ઘરે આવીને મકબુલ-નસરીનને કહ્યું હતું કે "આપણી મ્યુઝિકલ પાર્ટી માટે ફિમેલ સિન્ગરની તાત્કાલીક જરુર છે. પ્રૉગ્રામદીઠ હજાર રૂપિયા તો મળશે જ. મકબુલ, તું ના નહિ પાડતો."

મકબુલના સાફ ઈનકાર છતા નસરીનની મજબુરી ઘરખર્ચ હતો. તે ઘરનો બોજ ઉઠાવી લેવા હવે મક્કમ બની હતી. તેણે મહેમૂદની ઑફર સ્વીકારી લીધી હતી. નસરીન પ્રૉગ્રામમાં સ્ટેજ ઉપર ગાયિકા તરીકે ગાવા જશે એવું નક્કી થયું એ દિવસે મકબુલ અને નસરીન વચ્ચે ઝગડો પણ થયો હતો. મહેમૂદના કહેવાથી જ નસરીને હવે પરદા-બુરખા ફગાવી દીધા હતા અને જિન્સ્ – ટી-શર્ટ પહેરવા લાગી હતી. બીજા પણ વેસ્ટર્ન અને મૉડર્ન આઉટફિટ્સ તે પહેરતી થઈ હતી. ક્યારેક બહારગામ પ્રૉગ્રામ હોય તો પણ તેણે જવું પડતું હતું. નસરીને મહેમૂદ રંગરેજ સાથે જે રીતે સંબંધ વધાર્યો હતો એમાંનું મકબુલની નજર બહાર કશું જ નહોતું.

રેતઘડીમાં સમય સરતો રહ્યો. દિવસો, મહિનાઓ અને વરસો. એક દિવસ આઠેક વર્ષના સાહિલને તાવ આવ્યો. શરીર ફીક્કું

અનુસંધાન પાના નં ૭ પર

# બાળકોમાં સંસ્કાર સિંચન માટે વેકેશન ઉત્તમ



## પ્રસંગસર

પ્રા. પૃથ્વી શાહ

સમય ઝડપથી બદલાઈ રહ્યા છે વિકાસની ગતિ તેજ બની ગઈ છે. ગઈકાલ ઝડપથી જુની લાગે છે. આવતીકાલનું દર્શન જાણે બે પેઢી એકબીજાથઈ જોજનો દૂર હોય એવા તાબક્કાથી ભરેલ જણાય છે.

ચાલીસ વરસ અગાઉ ગાંધીનગરમાં દૂર સુધી પગે ચાલી ફરતા હતા. એ સમયે સાઈકલ ઘરેણું જણાતી હતી. અમારા પછઈની પેઢી નોકરીએ જવા સ્કુટરથી સંતુષ્ટ થઈ હતી. હવેની પેઢીને મોંઘાદાટ બાઈક અથવા ગાડી વિના નાનપણ જણાય છે. અમે રેડિયો સાંભળી રાજી થતા હતા. અમારા પછીની પેઢી ટી.વી.થી સંતુષ્ટ હતી. હવે એલ.ઈ.ડી. ટી વી અને લેપટોપના અભાવે માબાપ કંજુસાઈ કરી રહ્યાની લાગણી અનુભવાય છે. અગાઉ સામાન્ય મોબાઈલમાં ઈન્ટરનેટ સેવા વિના અધુરપ અનુભવનારની સંખ્યા વધી રહી છે. નવી પેઢી અને જૂની પેઢી વચ્ચે વિકાસની બાબતમાં તફઆવત હોઈ શકે પરંતુ સામાન્ય બાબતોમાં બે પેઢી વચ્ચે વિચારોનું - વ્યવહારનું - લાગણીનું - સામાજિક સંબંધોનું જે અંતર વધી રહ્યું છે તે માટે માત્ર જમાનાને દોષ દેવાને બદલે બાળકોના નિશાળના વેકેશન જેવા સમયે અગાઉ માનવીય ધોરણે જે પ્રવૃત્તિ થતી હતી અને સામાન્ય સ્થિતિના બાળકને પણ એ પ્રવૃત્તિનો લાભ મળતો એ સંદર્ભમાં ફરી વિચારવાનો સમય પાકી ગયો છે.

બાળક પોતાની જાતને ઓળખી શકે, પોતાના જીવનના રોજબરોજના પ્રશ્નો અને સમસ્યાઓનો સમજી શકે, પોતાની શક્તિ પારખી શકે અને નબળાઈઓને દૂર કરી શકે, નિરાશ ન અનુભવે, હતાશામાં એકલતા ન અનુભવે, જિંદગી જીવવાની સાચી ઔષધ તેના હાથમાં આવે અને પોતાનામાં પોતાની કમી ન મહેસૂસે એવી સ્થિતિનું સર્જન વેકેશનના ગાળામાં કરી શકાય.

બાળકો તો સ્ફુર્તિથી થનગનતા હોય છે. તેમનામાં નવું શીખવાનો ઉત્સાહ હોય છે. કોમ્પ્યુટર કે અદ્યન સમાર્ટ ફોનને ચલાવતા તેઓ પળવારમાં શીખી વડીલોને માર્ગદર્શન આપતા હોય છે. તેમનાં હૃદયમાં કંઈક કરી બતાવવાની ભાવના હોય છે. બાળકોને પ્રેરણા અને પ્રોત્સાહન આપી તેમને આદર્શવાતના પાઠ ભણાવતાના છે. જેથી બાળકનું જીવન સાચી દિશામાં પ્રગતિ સાધે અને માનવ મૂલ્યોની વૃદ્ધિ તરફ આગળ ધપે.

બાળકોમાં સંસ્કારોનું સિંચન થાય અને સત્યનો અપનાવત થાય એવી પ્રવૃત્તિ જરૂરી છે. ઘણી વખત જાણે - અજાણ્યે નાનકડા સ્વાર્થ માટે વડિલો સંતાનને ખોટું બોલતા શીખવાડે છે. એક ઘરમાં યજમાને પુત્રને તેની ઉંમર પૂછી - પુત્રે જવાબમાં જણાવ્યું કે તેની ત્રણ ઉંમર છે. નિશાળમાં વહેલા દાખલ થવા મોટી ઉંમર લગાવી. બસમાં અડધી ટિકીટનો લાભ લેવા જુદી ઉંમર કહેવી પડે છે. અને ઘરમાં સાચી ઉંમર કહેવી પડે છે. છોકરો યજમાનને જ કહે છે કે તેઓ કયા હેતુથી ઉંમર જાણવા માગે છે. આમ કયારેક કયાંક નાનકડી રકમ બચાવવા ઘરમાંથી જ ખોટું બોલવાના પાઠ ભણાવાય છે. આપણે આપણા દેશને કપટીઓનો દેશ બનતા અટકાવી પાયામાં સંસ્કારોનું સિંચન કરવાનું છે. એ માટે બાળપણથી બાળકોની દૃષ્ટિ સુધારવી પડશે. એ સુધારણા માટે કસાયેલા, સમર્પિત કાર્યકરોની મદદથી વેકેશનમાં બાલ સંસ્કારની પ્રવૃત્તિ ચલાવી શકાય. વેકેશનના બેએક મહિના બાળકો બેલગામ બની તેમના સંસ્કાર અયોગ્ય જગ્યાએ રખડી વેડફે નહીં તેનું આયોજન ઘરમાં અને આસપાસ ગોઠવી શકાય.

બાળકોને પોતાનામાં આત્મ વિશ્વાસ જાગે અને લઘુતાગ્રંથીથી મુક્ત રહે એવા પાઠ ભણતરના ભાર વિના કે પરીક્ષાના ડર વિના ભણાવી શકાય. બાળકોને ગમ્મત સાથે જ્ઞાન મળે, આનંદ સાથે વિકાસ થાય, તેમની સુષુપ્ત શક્તિ ખીલે, સ્વાશ્રયના બી વવાય, આદર્શ નાગરિકના ગુણ ખીલે એવી પ્રવૃત્તિ કે ચર્ચાને સ્થાન આપવું જોઈએ. જિંદગી જીતવાના પાઠ અને મહાન માણસોના જીવનમાંથી પ્રેરણાની વાત કરી શકાય જેથી બાળક નાસીપાસ થયા વિના જીવનમાં પ્રગતિના પંથે આગળ ધપી શકે. કુટુંબ ધર્મ, નીતિધર્મ, ચારિત્ર્ય ઘડતર, સમાજ સેવા અંગેની વાતોથી તેને પ્રેરણા આપી શકાય. જીવન વિકાસ સંબંધી પાઠ ભણાવી શકાય. આવી પ્રવૃત્તિ વડીલો વડે ઘરમાં ચલાવવા ઉપરાંત કાર્યકરો દ્વારા વેકેશનમાં ખાલી રહેલ શાળાના ઓરડાનો પણ ઉપયોગ કરી શકાય. શિક્ષરો તેમનું વેકેશન માણી શકે અને નવી પેઢીમાં નવરાશની પળમાં સંસ્કાર સિંચન થઈ શકે.

માનવીના મન ઉપર નિયમિત અને પૌષ્ટિક ભોજનની પણ અસર થાય છે. ભોજન માત્ર પેટમાં નથી જતું પણ આત્માના પ્રત્યેક ભાગ સાથે એકમેક થઈ જાય છે. સદાચાર, સૌજન્ય, સૌમ્યતા વગેરે ગુણો ટકાવવા - પ્રગટાવવા નિયત કાળે યોગ્ય રીતે ખોરાક લેવાના પાઠ પણ બાળમાનસને ભણાવી તેની તંદુરસ્તીમાં ઉપયોગી થવાય અને અન્ન તેવું મનની સાર્થકતાથી પરિચિત કરાવી શકાય. વેકેશનમાં સંતાનો સાથે સંયુક્ત રીતે - સાથે મળી ભોજન લેવાની અને તેમના મનમને સમજવાની - કેળવવાની તક ઝડપી શકાય.

આ દુનિયામાં ઉકરડાની પણ તાકાત છે અને બગીચાની પણ તાકાત છે. ઉકરડો આસપાસના વિસ્તારમાં દુર્ગંધથી ત્રાસ ફેલાવી શકે છે. બગીચો માઈલો સુધી સુગંધ પ્રસરાવી શકે છે. ઉકરડો આપોઆપ વિસ્તરે છે. જયારે બગીચાની માવજત જરૂરી છે. ગુણવાન પણ નવરાશની પળોમાં ગુણહીનની સાબતે ભ્રષ્ટ ન થાય તેની સતત તકેદારી રાખવી પડે છે. તંદુરસ્ત સમાજ માટે આ અનિવાર્ય છે. પરીક્ષાઓ લગભગ પૂર્ણ થઈ છે. આવા હળવાશન સમયે બાળકોમાં સદ્‌ગુણના બી વાય અને ભણતરના ભાર વિના તેમનાં સંસ્કારનું સિંચન થાય એવા વ્યવસ્થિત કાર્યક્રમોનું આયોજન જરૂરી છે.